**30-06-2017**
**Kutch Mitra (News Paper)**

# ટપક સિંચાઇમાં કચ્છ પ્રેરણારૂપ : મોદી

**આજી ડેમના નર્મદા નીરના વધામણા વેળાએ વડાપ્રધાને કહ્યું, 'સૌની યોજના સૌરાષ્ટ્રનું ભાગ્ય બદલશે' : રોડ શોમાં હજારો ઊમટયા**

રાજકોટ, તા. ૨૯ : શહેરના આજી ડેમ ખાતે આજે નર્મદા નીરના વધામણા કરવા આવી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે, વર્ષોથી રાજકોટમાં જો કોઈ ચર્ચાનો વિષય રહ્યો હોય તો તે પાણીનો પ્રશ્ન રહ્યો છે પરંતુ હવે સૌની યોજના અમલી બનતાં સૌરાષ્ટ્રનું ભાગ્ય બદલશે.

પાણીનું મહત્ત્વ શું હોય છે ? તે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રને કચ્છના લોકોને સમજાવવાની જરૂર નથી. એક એ સમય પણ હતો જ્યારે રાજકોટમાં ટ્રેન મારફત પાણી પહોંચાડવાના સમાચારો હિન્દુસ્તાનના મુખ્ય સમાચાર બની જતા હતા, એ કપરા દિવસો હવે દૂર થયા છે. આજે ગુજરાત ક્યાંથી ક્યાં જઈ પહોંચ્યું છે, ટેન્કરો અને હેન્ડપમ્પનો યુગ આથમી ચૂક્યો છે અને મોટી મારુતિકાર જઈ શકે તેવી વિશાળ પાઈપલાઈનો નાખીને ડેમો ભરવાનું આ દીર્ઘદૃષ્ટિ ધરાવતી સરકારનું સ્વપ્નું સાકાર થયું છે.

મોદીએ જણાવ્યું હતું કે, રૂપિયા પ્રજા માટે ખર્ચાય, તેને વેડફી ન નખાય તેનો સદ્ઉપયોગ થવો જોઈએ 'સૌની યોજના' લોકોની પાઈ-પાઈના ઉત્તમ ઉપયોગનો સર્વશ્રેષ્ઠ નમૂનો છે. જ્યારે પણ નર્મદાનો ઈતિહાસ લખાશે ત્યારે વિરોધ કરનારા એ તમામ પાત્રો કે, જેઓ ગુજરાતના હકને છીનવી લેવાના ખોટા પ્રયત્નોમાં સામેલ હતા તેઓનો પણ ઉલ્લેખ કરાશે.

અંતમાં રાજકોટ, સૌરાષ્ટ્ર તેમજ કચ્છની જનતાને પાણીનો વેડફાટ ન કરવાના અનુરોધ સાથે વડાપ્રધાને જણાવ્યું હતું કે, આ પાણી નહીં પરંતુ 'પારસ' છે જેના સ્પર્શ માત્રથી જ સમૃદ્ધિ અવતરવાની છે. આ તો

(જુઓ પાનું ૭)

વજન ઘટાડો